## મુંબઈ પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩ (૧) આર (૩) હેઠળનું જાહેરનામુ.

નં.એમએજી/ચુંટણી લાઉડ સ્પીકર/વશી.૨૧૪૨/૧૪
જિલ્લા મેજીસ્ટ્રેટ સુરતની કચેરી, બી–બ્લોક,
જિલ્લા સેવા સદન–૨, અઠવાલાઈન્સ, સુરત
તા.૦૫/૦૩/૨૦૧૪

ભારતના ચુંટણી આયોગ ધ્વારા લોક સભા સામાન્ય ચુંટણી–૨૦૧૪ તથા ૧૫૭–માંડવી વિધાન સભા મત વિભાગની પેટા ચુંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. અને તે મુજબ મતદાન તા.૩૦/૦૪/૨૦૧૪ ના રોજ રાખવામાં આવેલ છે. ભારતના નિર્વાચન આયોગે તેનાં આદેશ ક્રમાંકઃ૩/૮/૯૪/ જે.એસ./II, તા.૨૬/૧૨/૨૦૦૦ માં આપેલ સુચનાઓ મુજબ ચુટણીમાં લાઉડ સ્પીકરના વ્યાપક ઉપયોગ ઉપર નિયંત્રણો રાખવા જરૂરી હોવાનું જણાવી લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આદેશો કરેલ છે.

ચુંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના કાર્યકરો, સમર્થકો ચુંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા ભાગે કરે છે. જે ફકત નિયત મંચ કે સભા સ્થળ ઉપરાંત ચુંટણી પ્રચાર માટે ફરતા વાહનો ઉપર પણ લગાડી શહેર, મહોલ્લા, ગામો, ગલીઓમાં ફેરવવામાં આવે છે. જેનાં કારણે અવાજનું પ્રદુષણ, ઘોંઘાટના કારણે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, વૃધ્ધો, અશકત અને બીમાર વ્યકિતઓને ત્રાસરૂપ થાય છે. જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું પ્રકાશ એન. મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત મુંબઈ પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩(૧)આર(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સુરત પોલીસ કમિશ્નરશ્રીના અધિકાર ક્ષેત્ર સિવાયના સુરત જિલ્લા (ગ્રામ્ય)ના વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષો, ઉમેદવાર કે તેના કાર્યકરો કે સમર્થકોએ,

૧. ચુંટણી પ્રચારના કામે યોજાતી સભા/સરઘસ કે રેલીમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬–૦૦ કલાક પહેલાં અને રાત્રીના ૧૦–૦૦ કલાક પછી કરવો નહિ.

૨. ચુંટણી પ્રચારના કામે વાહન ઉપરના સ્ટેટેટીક અથવા માઉન્ટેડ/લગાડેલ ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬–૦૦ કલાક પહેલાં અને રાત્રીના ૧૦–૦૦ કલાક પછી કરવો નહિ.

૩. સક્ષમ અધિકારીએ પરવાનગી આપેલ હોય તે સિવાય કોઈપણ સ્થળે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહિ. સક્ષમ અધિકારીએ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આપેલ પરવાનગીમાં સ્પષ્ટ નિર્દેશ કરેલ ન હોય તો પણ લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬–૦૦ કલાક પહેલા અને રાત્રીના ૧૦–૦૦ કલાક પછી કરી શકાશે નહિ.

૪. કોઈ પણ મતદાર વિસ્તારમાં મતદાન પૂર્ણ થયાના અગાઉના ૪૮ કલાકની મુદત દરમ્યાન પ્રચાર પર પ્રતિબંધ હોઈ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે નહી.

<u>અપવાદ</u> :– સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા.૨૨/૦૧/૧૪ ના જાહેરનામા નં.જીએનવી–૨૦૧૪–(૩)–ઈએનવી–૧૦–૨૦૧૩–૧૪૦–ઇ થી નોઈસ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ– ૨૦૦૦ અંતર્ગત વર્ષ–૨૦૧૪ માં કેટલાક ધાર્મિક તહેવારો/સાંસ્કૃતિક ઉજવણીના પ્રસંગોએ આપેલ છુટછાટ મુજબ આ સમય માટે જ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકાશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનારને મુંબઈ પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૧૩૧ તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ જાહેરનામાની તારીખથી તા.૨૮/૦૫/૨૦૧૪ સુધી અમલમાં રહેશે.

આજ તા.૦૫/૦૩/૨૦૧૪ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપી જાહેર જનતાની જાણ અમે અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

ADDITIONAL DISTRICT MAGISTRATE SURAT

**(પ્રકાશ એન. મકવાણા)**
**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ**
**સુરત**

**નકલ જયભારત સહ રવાના–**

૧. નોડલ અધિકારીશ્રીઓ તમામ
૨. ચુંટણી અધિકારીશ્રી/મદદનીશ ચુંટણી અધિકારીશ્રીઓ/ઝોનલ ઓફીસરશ્રી સુરત જીલ્લા તમામ તરફ.
૩. પોલીસ અધિક્ષકશ્રી,સુરત (ગ્રામ્ય) તરફ જાણવા તથા અમલ થવા સારૂ.(૨૦–નકલ)
૪. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત તરફ.
૫. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સીટી પ્રાંત/ઓલપાડ પ્રાંત/બારડોલી પ્રાંત/માંડવી પ્રાંત/કામરેજ પ્રાંત, જિ.સુરત.
૬. વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ/પોલીસ ઈન્સપેકટરશ્રીઓ/પોલીસ સબ ઈન્સપેકટરશ્રીઓ તમામ તરફ.
૭. મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તમામ તરફ જાણવા–વ–અમલ થવા સારૂ.
૮. તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તમામ/મુખ્ય અધિકારીશ્રી, નગર પાલિકા, તમામ તરફ
૯. ચીફ ઓફીસરશ્રી બારડોલી/માંડવી/કનકપુર–કનસાડ/તરસાડી નગર પાલીકા તરફ.
૧૦. પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જડજશ્રી, સુરત તરફ.
૧૧. પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર, સુરત તરફ.
૧૨. માહીતી નિયામકશ્રી, માહીતી ખાતું, સુરત તરફ.
૨/– હુકમની ૧૦– નકલો સાથે દૈનિક વર્તમાનપત્રોમાં સમાચાર રૂપે બહોળી પ્રસિધ્ધી આપવા સારૂ.
૧૩. મેનેજરશ્રી, સરકારી મુદ્રણાલય, વડોદરા તરફ જાહેરનામું ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા સારૂ.
૧૪. કચેરી મજકૂરની ચુંટણી શાખા/વહીવટ શાખા અને ગ્રામ પંચાયત ઈલેકશન શાખા, કલેકટર કચેરી, સુરત તરફ

**<u>નકલ સવિનય રવાના–</u>**

૧. અધિક સચિવશ્રી,ગૃહ વિભાગ,ગુજરાત રાજય,સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ તથા મંજુરી આપવા સારૂ
૨. મુખ્ય ચુંટણી અધિકારીશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર તરફ.